Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર

અંક : ૯૪ ઓકટોબર – ડિસેમ્બર ૨૦૨૫

## તંત્રીસ્થાનેથી . . .

**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

૧૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સંસ્થા તેના સમાજ ઉપયોગી સેવાકાર્યની સફરના ૨૪ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરશે. સમાજમાં ઝડપથી આગળ વધી રહેલા કિડનીના રોગોને અટકાવવા માટે વહેલું નિદાન અને સારવાર કેટલી અગત્યની છે તે વિશેની જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી શરુ કરવામાં આવેલ ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન નામની આપણી આ સંસ્થા તેના ધ્યેય તરફ સતત આગળ વધી રહી છે.

આપ સૌ જાણો છો કે ભારત સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી ચાલતી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) એ કિડનીના દર્દીમિત્રો માટે વરદાનરૂપ છે. અમે આ યોજના અંર્તગત ૨૦૧૮ થી ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલના સહયોગથી હિંમતનગર ખાતે ૯ હિમોડાયાલિસીસ મશીન દ્વારા આજુબાજુના વિસ્તારના દર્દીઓને હિમોડાયાલિસીસની સારવાર ઉપલબ્ધ કરાવી રહ્યા છીએ.

કિડનીના દર્દીઓને PMJAY યોજનાનો બહોળો લાભ અને ગુણવત્તાયુક્ત હિમોડાયાલિસીસની સારવાર નજીકમાં જ મળી રહે તે હેતુથી અમે દહેગામ અને અલંગ; ભાવનગર વિસ્તારના છેવાડાના માણસની આરોગ્યની સંભાળ લેતી સ્થાનિક સેવાભાવી હોસ્પિટલો સાથે મળીને તેમના સહયોગથી હિમોડાયાલિસીસ યુનિટની સુવિધા ઉભી કરવાના પ્રયત્નો તરફ આગળ વધી રહ્યા છીએ. અમને વિશ્વાસ છે કે આ સેવારૂપી યજ્ઞમાં આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ, આગેવાનો અને દાતાશ્રીઓ ચોક્કસ પોતાનું યોગદાન આપશે.

૧૪ નવેમ્બર એટલે 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'. આ દિવસ વિશ્વભરમાં ડાયાબિટીસ જેવા રોગની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસરને રોકવા અને તેના વિષે જાગૃતતા લાવવા માટે ઉજવવામાં આવે છે. આ વિશેષ દિવસને ધ્યાનમાં રાખીને સંસ્થાએ Diabetic Nephropathy એટલે કે ડાયાબિટીસ રોગની કિડની પર પડતી ખરાબ અસર વિષે જાગૃતતા લાવવા માટે તારીખ ૧૧ થી ૧૭ નવેમ્બર સુધી 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' તરીકે ઉજવવામાં આવ્યું હતું.

આ અઠવાડિયા દરમિયાન વિવિધ સ્થળો પર કેમ્પ અને જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે અમદાવાદ પોલીસ કમિશ્નર ઓફીસ; શાહીબાગ, ગુજરાત યુનિવર્સીટી અને સદ્દવિચાર વરિષ્ઠ ગૌરવ ગ્રુપનો સમાવેશ થાય છે દરેક સેમિનારમાં ડાયાબિટીસના નિષ્ણાંત તબીબ શ્રી ડૉ. વિપુલ ચાવડા અને ડૉ. ધ્રુવી હસનાણી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પોતાનો અમુલ્ય સમય આપવા બદલ અમે બંને તબીબોનો આભાર વ્યક્ત કરીએ છીએ.

સંસ્થાના અમદાવાદ ખાતેના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય અને સંસ્થાના હિતેચ્છું એવા શ્રી રશ્મિકાંતભાઈ શાહ તરફથી મળેલ રૂ. ૨૬,૨૫,૦૦૦/– ના દાનથી અને તેના વ્યાજની રકમથી અમે 'સેવ અ લાઈફ' કાર્યક્રમ હેઠળ ૧૮ અન્ય જરીરિયાતમંદ કિડનીના દર્દીઓને સમાવી શક્યા છીએ જેમાં એમને જરૂરી દવાઓ અને સારવાર લેવામાં સરળતા રહેશે. એ માટે હું શ્રી રશ્મિકાંતભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આપ સૌને ૨૦૨૬ નું નવું વર્ષ સુખદાયક નીવડે અને સર્વે સ્વસ્થ અને તંદુરસ્ત રહો તેવી શુભકામનાઓ.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ**

**અમદાવાદ ચેપ્ટર**

૧. ડૉ. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડૉ. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી યોગેશભાઈ વેલાણી
૫. શ્રી મધુભાઈ મહેતા
૬. શ્રી કુંજલભાઈ પટેલ
૭. શ્રી રોહિતભાઈ પરીખ
૮. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જિજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા

## જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

### કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક:



ડી.એસ.પી. કચેરી, મકરબા, અમદાવાદ



મહિલા આઈ.ટી.આઈ., મેમનગર, અમદાવાદ



સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર



આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ



બેંક ઓફ બરોડા રોજગાર તાલીમ કેન્દ્ર, મહેસાણા



બી.આર.સી. ભવન, તાલાલા (સોમનાથ)



સાર્વજનિક હાઈસ્કૂલ, સુરત



સાર્વજનિક લૉ કોલેજ, સુરત

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### ગીર-સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




નેનપુર ગામ, તા. મહેમદાવાદ, જી. ખેડા



ખોરાસા ગામ, જી. જૂનાગઢ




ગોત્રી, વડોદરા




ચાલાસણ ગામ, જી. મેહસાણા




અપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદ



જલારામ મંદિર, ભાવનગર




તેલાવી ગામ, જી. મહેસાણા

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુલાલ વિરાણી
૩. શ્રી હિતેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# વિશ્વ ડાયાબિટીસ દિવસ

આ દિવસની ઉજવણીના ભાગરૂપે સંસ્થા દ્વારા ૧૧ થી ૧૭ નવેમ્બર સુધી ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ તરીકે ઉજવાયું હતું. અને વિવિધ જગ્યાઓ પર નિ:શુલ્ક તપાસ કેમ્પ અને સેમિનારનું આયોજન થયું હતું. તારીખ ૧૧ નવેમ્બરના રોજ બે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી શ્રી રાધા કૃષ્ણ મંદિર, ઘેવર સર્કલ, શાહીબાગ ખાતે બીપી, ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન થયું હતું જેમાં ૧૫૦ થી પણ વધારે લોકોએ તેનો લાભ લીધો હતો.




અન્ય એક સેમીનારનું આયોજન પોલીસ કમિશનર ઓફિસ, શાહીબાગ, અમદાવાદ ખાતે ગુજરાત પોલીસના જવાનો અને તેમના પરિવાર માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખ્યાતનામ ડાયાબિટોલોજીસ્ટ ડો. વિપુલ ચાવડા અને ડો. ધ્રુવી હસનાણી ઉપસ્થિત રહ્યા હતા અને ખૂબ જ સરળ ભાષામાં ડાયાબિટીસ રોગ વિષે PPT ના માધ્યમથી સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાની સ્થાનિક સહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ તેમજ ગુજરાત પોલીસના અધિકારી શ્રી એચ.એ.અન્સારી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને અમારો ઉત્સાહ વધાર્યો હતો.



ડો. ધ્રુવી હસનાણી



ડો. વિપુલ ચાવડા



૧૩ નવેમ્બર ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહના બીજા દિવસે વિશ્વ હિન્દુ મહિલા પરિષદ સંસ્થા, પાલડી ખાતે બીપી, ડાયાબિટીસ તપાસ તેમજ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેનો ૨૦૦ થી પણ વધારે બહેનોએ લાભ લીધો હતો.

ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહના ચોથા દિવસે તારીખ ૧૪ નવેમ્બરના રોજ એક વિશેષ સેમિનારનું આયોજન ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ માટે કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ડાયાબિટોલોજીસ્ટ ડો.વિપુલ ચાવડા અને ડો.ધ્રુવી હસનાણી ઉપસ્થિત રહ્યા હતા અને ખૂબ જ સરળ ભાષામાં ડાયાબિટીસ રોગ અને તેની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસરો વિષે PPT ના માધ્યમથી સમજ આપી હતી. સેમિનાર પછી દરેક વિદ્યાર્થીઓનું બીપી અને ડાયાબિટીસ તપાસવામાં આવ્યું હતું તેમજ ઝાયડસ હેલ્થ કેરના સહયોગથી લિપિડ પ્રોફાઈલના ટેસ્ટ પણ વિના મૂલ્યે કરવામાં આવ્યા હતા.







ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહની પૂર્ણાહૂતિના દિવસે સદ્વિચાર પરિવાર સંચાલિત વરિષ્ઠ ગૌરવ ગ્રુપના સભ્યો માટે સેમીનાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પણ ડો. વિપુલ ચાવડા અને ડો. ધ્રુવી હસનાણી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા અને PPT ના માધ્યમથી વડીલોને ડાયાબિટીસ રોગની સમજ આપી હતી. કાર્યક્રમ પછી સર્વે લાભાર્થીઓનું બીપી અને ડાયાબિટીસ વિનામૂલ્યે તપાસવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાની સ્થાનિક સહકાર સમિતિના સભ્ય શ્રી શુભાંગભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વે લાભાર્થીઓ અને તબીબોનો તેમના અમુલ્ય યોગદાન માટે સંસ્થા વતી આભાર વ્યક્ત કર્યો હતો.

ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ નિમિત્તે આયોજિત દરેક કાર્યક્રમોમાં સંસ્થાની સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને તેમના ધર્મપત્ની શ્રીમતી કુમુદબેન શાહ અચૂક હાજર રહ્યા હતા તેમજ દરેક જાગૃતિ સેમીનાર માટે ડો. વિપુલ ચાવડા અને ડો. ધ્રુવી હસનાણીએ પોતાનો જે અમુલ્ય સમય અને યોગદાન આપ્યું એ માટે અમે તેમનો હ્રદયપૂર્વક અભાર વ્યક્ત કરીએ છીએ.








"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"

## અમદાવાદ



તારીખ ૪ ઓકટોબર ૨૦૨૫, શનિવારના રોજ બી.કે. હોલ, પ્રીતમનગર અખાડા, પાલડી ખાતે પ્રેરણા સભ્યો માટે મ્યૂઝિક અને રાસ–ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે મ્યુઝિક લવર્સ ગ્રૂપના સભ્યોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓ દર વર્ષે અમને આ કાર્યક્રમ માટે ખૂબ જ મદદરૂપ થાય છે મ્યુઝિક લવર્સ ગ્રૂપના સભ્યોએ વિવિધ ફિલ્મી ગીતો અને ગરબા ગાઈને પ્રેરણા સભ્યોને ખૂબ જ આનંદ કરાવ્યો હતો. કાર્યક્રમમાં પ્રેરણા સભ્યો માટે ભોજનની વ્યવસ્થા સંસ્થાની અમદાવાદ ખાતેની સલાહકાર સમિતિના સભ્ય અને HOCCO Eatery ના માલિક શ્રીમતી રેખાબેન ચોના તરફથી કરવામાં આવી હતી. તે બદલ સંસ્થા એમનો આભાર વ્યક્ત કરે છે. આ કાર્યક્રમમાં આપણી સંસ્થાના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને તેમના ધર્મપત્ની શ્રીમતી કુમુદબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા અને રૂ. ૧,૨૫,૦૦૦/– ની રકમનું દાન 'સેવ અ લાઈફ' અને 'પ્રેરણા' કાર્યક્રમ માટે આપ્યું હતું. મ્યુઝિક લવર્સ ગ્રુપના સભ્ય અને Act of Kindness સંસ્થાના ટ્રસ્ટી શ્રી જીગ્નેશભાઈ શાહ અને શ્રી આસુતોશભાઈ તરફથી રૂ.૧૧,૦૦૦/– ની રકમનું દાન સંસ્થાને પ્રાપ્ત થયું હતું.

અમે સર્વે દાતાશ્રીઓનો અને મ્યુઝિક લવર્સ ગ્રુપના તમામ સભ્યો તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર અમારા સ્વયંસેવક શ્રી ધવલભાઈ પટેલ અને શ્રી રૂપેશભાઈ શાહનો હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી પી. ડી. પટેલ
૬. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૭. શ્રી સંદીપભાઈ શેઠ





અન્ય એક પ્રેરણા કાર્યક્રમનું આયોજન તારીખ ૨૬ ડીસેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું જેમાં સદ્વિચાર પરિવાર દ્વારા સંચાલિત વરિષ્ઠ ગૌરવ ગ્રુપના સહયોગથી ૫૦ પ્રેરણા સભ્યોને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સુરત

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, સુરત ચેપ્ટર દ્વારા પ્રેરણા બેનર હેઠળ ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ પ્રેરણા સભ્યો માટે રાસ–ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેરણા સભ્યોએ બહુ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ કાર્યક્રમને માણ્યો હતો. સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ આ કાર્યક્રમ માટે વિનામૂલ્યે હોલ તેમજ શ્રી આશાપુરા ટ્રસ્ટ દ્વારા પ્રેરણા સભ્યો માટે ડીનરનું આયોજન કરવામાં આવ્યું હતું. તે માટે અમે બંને સંસ્થાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ. સુરત ચેપ્ટરની સલાહકાર સમિતિના સભ્ય શ્રીમતી જિજ્ઞાસાબેન ત્રિવેદીએ આ કાર્યક્રમમાં હાજરી આપીને સૌનો ઉત્સાહ વધાર્યો હતો. આ ગરબા મહોત્સવમાં હલકભેર, તાલબદ્ધ ગરબા કરનાર પ્રેરણા સભ્યો પૈકીના કુલ ૫ ભાઈ–બહેનોને સંસ્થાના સ્વયંસેવક શ્રીમતી તેજલબેન જોગાણી તરફથી સરપ્રાઇઝ ગિફ્ટ આપવામાં આવી હતી.






## મહેસાણા

તારીખ ૦૯ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન મહેસાણા દ્વારા પ્રેરણા બેનર અંતર્ગત ગીત–સંગીતના કાર્યક્રમનું આયોજન રોટરી કલબના ચુનીકાકા હોલ ખાતે થયું હતું . આ કાર્યક્રમમાં સંસ્થાની મહેસાણા ચેપ્ટરની સલાહકાર સમિતિના ચેરમેન શ્રી શરદભાઈ શાહે હાજરી આપી હતી અને પ્રેરણા સભ્યો સાથે વાર્તાલાપ કરીને તેમના દુઃખમાં ભાગીદાર થવાનો પ્રયાસ કર્યો હતો કાર્યક્રમના અંતે સૌએ સાથે ભોજન લીધું હતું.





## ભાવનગર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા દિવાળીના પાવન પર્વ નિમિત્તે પ્રેરણા સભ્યોએ તેમના હાથે પેઈન્ટ કરીને બનાવેલ ફેન્સી કોડિયા ભાવનગરના મેયરશ્રી ભરતભાઈ બારડ, કલેક્ટર શ્રી મનીષ કુમાર બંસલ, ભાવનગરના SP શ્રી નીતેશ પાંડેય તથા ભાવનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી નરેન્દ્રકુમાર મીણાને આપી શુભેચ્છા મુલાકાત કરી હતી. આ પ્રસંગે ભાવનગરના સલાહકાર સમિતિના સભ્ય શ્રી સુમિતભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યાં હતાં અને ઉપરોક્ત દરેક અધિકારીશ્રોને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનું મુખપત્ર Oasis આપીને સંસ્થા દ્વારા થતી સમાજ ઉપયોગી પ્રવૃતિઓ વિષે







## “કિડની દર્દીઓના લાભાર્થે આયોજિત ફંડ રેઈઝિંગ કાર્યક્રમ”

વડોદરા ચેપ્ટરની સલાહકાર સમિતિના સભ્ય શ્રી રોહિતભાઈ પરીખ દ્વારા વર્ષ ૨૦૨૪ માં પોતાના ૭૧ માં જન્મદિવસે કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને આર્થિક સહાય મળે તે હેતુથી ૭૧ મ્યુઝિકલ કાર્યક્રમ કરીને જે ફંડ એકત્રિત કરવાનો શુભ સંકલ્પ કર્યો હતો તેના ભાગરૂપે તારીખ ૫ ઓકટોબર ૨૦૨૫ ના રોજ વડોદરામાં આવેલી રોઝરી સ્કૂલના ઓડિટોરિયમમાં અમન આનંદ હિંગોરાની ફાઉન્ડેશન અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે એક સુંદર મ્યુઝિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી રોહિતભાઈ અને તેમની ટીમના સભ્યો દ્વારા સુંદર સુરીલા ગીતો ગાઈને ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ મ્યુઝિકલ પ્રોગ્રામને યાદગાર બનાવવા બદલ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન શ્રી રોહિતભાઈ અને તેમની ટીમના સભ્યોનો હ્રદયપૂર્વક આભાર માને છે.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન વડોદરાની સલાહકાર સમિતિના સભ્ય શ્રી યોગેશભાઈ વેલાણી અને હિંગોરાની ફાઉન્ડેશનના ચેરમેન શ્રી અશોકભાઈ હિંગોરાની પણ કાર્યક્રમાં ઉપસ્થિત રહ્યા હતા.




શ્રી રોહિતભાઈ પરીખ અને તેમની ટીમના સભ્યો



શ્રી યોગેશભાઈ વેલાણી અને શ્રી અશોકભાઈ હિંગોરાની

Save a life
Sponsoring Renal Treatment

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ‘સેવ અ લાઈફ’ કાર્યક્રમ અંતર્ગત કિડની રોગથી પીડાતા જરૂરિયાતમંદ દર્દીઓ માટે હિમોડાયાલિસીસની સારવાર, કિડની પ્રત્યારોપણ પછીની દવાઓ, તથા AV ફિસ્ટુલા સર્જરી માટે જરૂરી આર્થિક સહાય વર્ષ ૨૦૦૨ થી સતત કરવામાં આવી રહી છે. આ સહાયથી દર્દીઓ પોતાના ઉપચારમાં બાધા વિના સારવાર મેળવી શકે છે અને જીવંત રહેવાની આશા જાળવી શકે છે.

આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન સંસ્થાએ ૧૬ દર્દીઓને હિમોડાયાલાયઝર અને બ્લડ ટ્યુબિંગ માટે, તેમજ ૭૧ દર્દીઓને હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણ પછીની દવાઓ તથા AV ફિસ્ટુલા સર્જરી માટે કુલ ₹ ૨,૧૫,૫૫૦/–ની સહાય પ્રદાન કરી છે. આ યોજનાથી કિડનીના દર્દીઓની જીવનની ગુણવત્તામાં સુધારો આવ્યો છે.

## 'સેવ અ લાઈફ' કાર્યક્રમનો લાભ લેતા દર્દી મિત્રની વાંચા

### દિનેશભાઈ સોલંકી




મારુ નામ દિનેશભાઈ સોલંકી છે. મારી ઉમર ૫૭ વર્ષ છે અને હાલમાં વડોદરાના કોયલી ગામમાં રહું છું. મારા ઘરમાં હું અને મારી પત્ની જ છીએ, મારે કોઈ સંતાન નથી. પહેલા હું પાનના ગલ્લા થકી મારું ગુજરાન ચલાવતો હતો. પરંતુ મારી તબિયત સારી ન રહેવાને કારણે હાલમાં હું કોઈપણ પ્રકારનું કામ કરી શકવા માટે શક્ષમ નથી. મારી પત્ની કોયલી ગામની આજુબાજુની ફેકટરીમાં છૂટક કામ કરીને મારા ઘરનું ગુજરાન ચલાવે છે.

જૂન ૨૦૧૯ માં વધારે પડતું ઊંચું બ્લડપ્રેશર રહેવાના કારણે મારી બન્ને કિડની પર ગંભીર અસર થઈ અને મારે હિમોડાયાલિસીસની સારવાર શરૂ કરવી પડી. ડો. અર્ચિતભાઈ પટેલ (નેફ્રોલોજીસ્ટ) ના દેખરેખ હેઠળ સ્ટર્લિંગ હોસ્પટલમાં મારુ ડાયાલિસીસ શરુ થયું લગભગ પાંચ મહિના સ્ટર્લિંગ હોસ્પિટલમાં ડાયાલિસીસ કરાવ્યા પછી હાલમાં L & T ડાયાલિસીસ યુનિટ ખાતે મારી ડાયાલિસીસની સારવાર થઇ રહી છે.

મારી AV Fistula ફેલ જવાના કારણે મારે ફરીથી ઓપરેશન કરાવવાની જરૂર પડી. તારીખ ૪ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ વડોદરાની આદિક્યુરા હોસ્પિટલ ખાતે ડો. સુમિત કાપડિયા દ્વારા મારુ A.V Fistula નું ઓપરેશન થયું. જેનો ખર્ચે ₹ ૨૭૦૦૦ રૂપિયા થયો. આ ખર્ચને પહોંચી વળવા મારે સગા સબંધીઓ પાસેથી ઉછીના રૂપિયા લેવા પડ્યા. આ અચાનક આવી પડેલ ખર્ચને પહોંચી વળવા માટે મને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ૫૦% રકમની સહાય કરવામાં આવી હતી તે માટે હું સંસ્થાને દાન આપનાર દાતાશ્રીઓ અને સંસ્થાનો ખૂબ ખૂબ આભારી છું.

Save a life
Sponsoring Renal Treatment

## કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| શ્રી અશોકભાઈ હિંગોરાની, ટ્રસ્ટીશ્રી – હિંગોરાની ફાઉન્ડેશન, વડોદરા | રૂ. ૬૦,૦૦૦/– |
| શ્રી રજનીભાઈ પટેલ, રાજકોટ | રૂ. ૨૫,૦૦૦/– |
| એક્ટ ઓફ કાઈન્ડનેસ, અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/– |
| શ્રી તરૂણ હસીજા, અમદાવાદ | રૂ. ૬,૫૦૦/– |
| શ્રી નવનીતભાઈ ઠાકરશી, અમદાવાદ | રૂ. ૫,૧૧૧/– |



### ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (I.R.F) દ્વારા કિડનીના દર્દીઓ માટે રાસ-ગરબા યોજાયા

**નવગુજરાત સમય** > અમદાવાદઃ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (I.R.F) દ્વારા
2002માં કિડનીના દર્દીઓના પુનઃવર્સન માટે શરૂ કરાયેલા 'પ્રેરણા' કાર્ય
ઓક્ટોમ્બર 2025માં 23 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે અને તેની ઉજવ
ભાગરૂપે તારીખ 4 ઓકટોબરને શનિવારે પાલડીના બી.કે. હોલમાં કિડનીના દ
માટે મ્યૂઝિક અને રાસ-ગરબા કાર્યક્રમનું આયોજન મ્યુઝિક લવર્સ ગ્રૂપના સેવા
સભ્યોના સહયોગથી કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં કિડનીના દર્દી મિત્રોએ તે
સગા સાથે ભાગ લીધો હતો અને ખૂબ જ આનંદ કર્યો હતો તેમ ઈન્ડિયા રી
ફાઉન્ડેશન કો-ઓર્ડિનેટર જયેશ બી. પટેલે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ઈ
રીનલ ફાઉન્ડેશન (I.R.F)એક બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ
સંસ્થા છે. જે ત્રિલોકભાઈ આર. પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા 23 વર્ષથી કિ
અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ



### ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ શહેર પોલીસ માટે ડાયાબિટીસ જાગૃતિ સેમિનાર યોજાયો

**નવગુજરાત સમય** > અમદાવાદઃ તા.14 નવેમ્બરનો દિવસ સમગ્ર
ડાયાબિટીસ જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ ડાયા
જેવા સામાન્ય
રોગની શ
મહત્વના અંગો
પડતી વિપરીત અ
સમાજના
' ના આ હેતુને સાર્થક કરવા માટે તા.11થી
બિટીસ જાગૃતિ સપ્તાહ' ઉજવવાનું નક્કી ક
જગ્યાઓ પર તપાસ કેમ્પ અને જાગૃતિ
અનુસંધાનમાં તા.11મીને મંગળવારે અમદ
ષ ડાયાબિટીસ જાગૃતિ સેમિનાર યોજાયો
લોજિસ્ટ) અને ડો. ધ્રુવી હસણાની(ડાયાબિ
જેક્ટરના માધ્યમથી પોલીસ જવાનોને વિસ્તૃ
કર્યા હતા અંતે દરેક જવાનોનું વિનામૂલ્યે બ
આવ્યું હતું તેમ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના
હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ડિયા રીન
બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કા
પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા 23 વર્ષથી
ગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિ



CityLife

### પોલીસના જવાનો માટે એક વિશેષ ડાયાબિટીસ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું

શહેર પોલીસના જવાનો માટે એક વિશેષ ડાયાબિટીસ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ડૉ. વિપુલ ચાવડા (ડાયાબિટોલોજિસ્ટ) અને ડૉ. ધ્રુવી હસણાની ઉપસ્થિત રહ્યા હતા અને દરેક જવાવોનું વિના મૂલ્યે બીપી અને ડાયાબિટીસ



દિનાંક : 13-11-2025, ગુરૂવાર

### ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન વ્દારા વિશ્વ ડાયાબિટીસ દિનની ઉજવણી

**(લોકાર્પણ) ભરૂચ,** ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન (આઈ.આર.એફ.) એક બિન નફાલક્ષી અને સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા છે. જે શ્રી ત્રિલોકભાઈ આર. પરીખના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૩ વર્ષથી કિડની અને કિડનીના રોગો અંગે લોકજાગૃતિ, દર્દીઓના પુનઃર્વસન, ચિકિત્સા, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. તારીખ ૧૪ નવેમ્બર નો દિવસ સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે .જેનો હેતુ ડાયાબિટીસ જેવા સમાન્ય જણાતા રોગની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસરથી સમાજના લોકોને જાગૃત કરવાનો છે જેના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' ના આ હેતુને સાર્થક કરવા માટે તારીખ ૧૧ થી ૧૭ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે વિવિધ જગ્યાઓ પર તપાસ કેમ્પ અને જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેના અનુસંધાનમાં તારીખ ૧૧ નવેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ અમદાવાદ શહેર પોલીસના જવાનો માટે એક વિશેષ ડાયાબિટીસ જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં તબીબ વિપુલ ચાવડા (ડાયાબીટોલોજીસ્ટ) અને ડો. ધ્રુવી હસણાની (ડાયાબીટોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા. પ્રોજેક્ટરના માધ્યમથી પોલીસ જવાવોને વિસ્તૃત માહિતી આપીને આ રોગ વિષે જાગૃત કર્યા હતા અંતે દરેક જવાવોનું વિના મૂલ્યે બીપી અને ડાયાબિટીસ પણ તપાસવામાં આવ્યું હતું

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
## ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B-૨૦૪, શપથ– ૪, કર્ણાવતી ક્લબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો. ૦૭૯૪૦૦૨૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧-૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯-૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨-૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧-૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧-૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧-૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯-૧૯૬૬૭
E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation    Irfindia    Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G